

# શ્રાવણી

**આજે રાત્રે જ તેની ફ્લાઈટ્ હતી અને સવારે મેસેજ ઝળક્યો હતો "કેન વી મીટ ટુ ડે?" શ્રાવણી પણ જાણતી હતી કે ઘણાં ય મનોમંથન પછી એણે આ મેસેજ મોકલ્યો હશે કેટલીય વાર લખીને ડિલીટ કર્યો હશે પણ તોય મળવાની ઇચ્છા, છેલ્લીવાર મળવાની ઇચ્છા જાગી ગઈ હશે**

**ડો. રેણુકા એચ.** પટેલ

શ્રાવણીએ માઈક્રોવેવમાં ચોકલેટ બ્રાઉની મૂકી અને ઝડપથી તૈયાર થવા માંડ્યું. મનોમન એણે ઉપરના ફ્લેટમાં રહેતાં મિસિસ સિંહાનો આભાર માન્યો. કાલે એમના દીકરાની વર્ષગાંઠ હતી અને એમણે આ કેક મોકલાવી હતી એટલે બ્રેકફાસ્ટમાં કામ લાગી, નહીં તો આજે તો ભૂખ્યા જ ઑફિસે જવાનો વારો હતો. સવારે દસ વાગે તો પહોંચવાનું અને સાડા આઠ તો અહીં જ વાગ્યા. તૈયાર થતાં થતાં તેણે મંદાના બેડ તરફ જોયું એ આજે વહેલી સવારની ફ્લાઈટ્માં જ આવી હતી. કોઈ કોન્ફરન્સમાં સિંગાપુર ગઈ હતી. એક મોટી મલ્ટિનેશનલ કંપનીમાં એ સારા હોદ્દા પર હતી. અત્યારે ઘસઘસાટ ઊંઘી રહી હતી. એનું આ જ સુખ. એકવાર ઊંઘે એટલે નગારા વગાડો તો ય છ સાત કલાક પહેલાં ઉઠવાની નહીં. જ્યારે શ્રાવણીને તો ક્યારેય આવી ઊંઘ આવી જ નથી. સેન્ડલ પહેરતાં પહેરતાં એણે ફરી ઘડિયાળ સામે જોયું ૮:૪૫ ની ફાસ્ટ તો ગઈ જ. તે ઝડપથી બહાર નીકળી. મુંબઈના આ પરામાં એ અને મંદા છેલ્લા ત્રણેક વર્ષથી રહેતાં હતાં બીજા માળે પારસીનો આ મોટો ફ્લેટ હતો. બે નાનકડા રૂમમાં આ બે રહેતાં એ બાકીનામાં એ પારસી આધેડ યુગલ રહેતું. શ્રાવણી પોતે પણ એક સારી કંપનીમાં એક્ઝિક્યુટીવ હતી. આમ એની અને મંદાની બન્નેની જોબ સારી હતી અને બન્ને વચ્ચે ટ્યુનિંગ પણ સારું હતું. આમ તો રોજ સવારે મંદા જ કોફી બનાવતી. શ્રાવણીના તો એની ટેવ મુજબ છેલ્લે સુધી બધાં કામ બાકી હોય એટલે એ દોડતી જ હોય પણ આજે મંદા સૂતી હતી એટલે એણે કોફી પીવાનું જ માંડી વાળ્યું અને ટ્રેન માટે ભાગી. ૮:૫૫ ની ફાસ્ટ તો આખરે દોડીને ય પકડી જ લીધી. લેડિઝમાં આજે ભીડ પણ ઓછી હતી. બેસવાની જગા મળી ગઈ. શું હતું આજે? જલદી યાદ ન આવ્યું પણ કોઈ ગવર્મેન્ટ હોલીડે હશે. પ્રાઈવેટમાં તો આવી વારંવાર રજાની સાહ્યબી મળતી નહીં. તેને સહેજ કંટાળો આવી ગયો... એ જ રોજનું એક જ ઘરેડમાં જીવાતું જીવન, એ જ ઑફિસ, એ જ લોકલ ટ્રેન, એ જ નાનકડા બે રૂમ, એ જ પારસી લૅન્ડલેડી અને એ જ મંદા. ત્યાં જ એના મોબાઈલની રીંગ વાગી. મેસેજ હતો એક લીટીનો.

"કેન વી મીટ ટુડે?"

એકધારી ગતિની મર્યાદામાંથી એ બહાર ફંગોળાઈ... જાણે કે બધું ય પાછળ છૂટવા માંડ્યું ઑફિસ, ક્લાયન્ટ, નાનકડા બે રૂમ, મંદા, લૅન્ડલેડી... બધુ ય ભૂલાવા માંડ્યું. મનના એક ખૂણે કુંડાળું મારીને બેઠલો દીપંકર ફૂંફાડો મારીને ઊભો થયો. અને ક્ષણભરમાં તો જાણે એ આખા ય અસ્તિત્વ પર છવાઈ ગયો. મળવું જોઈએ? કદાચ આ છેલ્લી જ તક હતી. એ બોલાવી રહ્યો હતો. એના બેચેન મનનો કદાચ આ છેલ્લો પ્રયત્ન પણ હોય. મોબાઈલ સ્ક્રીન પર ઝળકતાં આ અક્ષરો સાવ એમ ને એમ તો નહીં લખાયા હોય, કેટલીય વાર છપાયા હશે અને કેટલીય વાર ભૂંસાયા હશે. કંઈ કેટલાય પ્રયત્નો પછી પેલું લીલું બટન દબાયું હશે અને દબાવ્યા પછી પસ્તાવો ય પારાવાર થયો જ હશે. શું કરવું જોઈએ? જવું જોઈએ? તેને લાગ્યું કે અચાનક જ જાણે લોકલ ટ્રેનની દુનિયા બદલાઈ ગઈ. વાતાવરણમાં ક્યારનીય માછલીની તીવ્ર વાસ ફેલાયેલી હતી. ધીમે ધીમે હવામાં તેની જગ્યાએ દીપંકરના ટ્રેકર નોઈરની સુગંધ આવવા લાગી. સામે બેસીને પાન ચાવી રહેલી જાડી સ્ત્રી, પાસે ઊભું ઊભું એકબીજાને તાળી દઈને ખિખિયાટા કરતું કૉલેજકન્યાઓનું ગ્રુપ, હાથમાં તમાકુ લઈને મસળી રહેલી ભડક પીળા રંગની સાડી પહેરેલી વૃદ્ધા બધાં ય જાણે ધીમે ધીમે અદશ્ય થવા લાગ્યાં. હવા પાતળી થવા લાગી. અને એને લાગ્યું કે બોટલ ગ્રીન પેન્ટ, ક્રીમ શર્ટ અને ટાઈ પહેરેલો દીપંકર જાણે એની સામેની સીટ પર આવીને બેસી ગયો.

"આર યુ ફ્રોમ ઘેલાણી એસોસિએટ્સ?" એ જ્યારે પહેલી વાર મળ્યો ત્યારે એણે પૂછ્યું હતું.

શહેરની એક પ્રતિષ્ઠિત હોટલમાં કોઈ લગ્નનું રિસેપ્શન ચાલી રહ્યું હતું. શ્રાવણી પોતાની કંપની તરફથી આવી હતી. ગિફ્ટ આપીને એ નીકળી જવાનું વિચારતી હતી ત્યાં જ દીપંકરે શ્રાવણીને રોકી હતી.

‘‘હા, કેમ?’’

‘‘અરે ભાઈ, ખરેખર દાદ દેવી પડશે તમારી કંપનીને... કોઈ પણ રીતે ગમે તેમ કરીને એક પછી એક ઓર્ડર પડાવે જ જાઓ છો. કઈ જડીબૂટી સુંઘાડો છો તમે ક્લાયન્ટને? અમને કહો તો ખરાં... બાય ધ વે આઈ એમ દીપંકર... દીપંકર પરીખ. ફ્રોમ સિરાજ ઈન્ડસ્ટ્રીઝ.’’ શ્રાવણીને થોડું હસવું આવ્યું.

‘‘હવે એ તો કંપનીનું ટ્રેડ સિક્રેટ છે. એ જડીબૂટીનું નામ તમને કહી દઉં તો મારી તો નોકરી જ જાયને?’’

‘‘જુઓ ગમે તેમ કરીને તમારી કંપનીનું ટ્રેડ સિક્રેટ શોધી કાઢવું એવું મેં નક્કી કર્યું છે અને આજે તમને જોઈને એક સિક્રેટ તો ખબર પડી જ ગઈ. તમારા જેવા ડેશિંગ પર્સનાલીટીવાળા સ્ટાફ મેમ્બર્સ... બસ, એમ ધીમે ધીમે બીજા સિક્રેટ પણ ખબર પડી જશે અને હું પેલી જડીબૂટી સુધી પહોંચી જઈશ.’’ શ્રાવણી ખડખડાટ હસી પડી.

‘‘બેસ્ટ ઑફ લક’’ તેણે કહ્યું અને પછી ઝડપથી નીકળી ગઈ.

એ દિવસે થયેલી મુલાકાત શ્રાવણી માટે તો સાવ સામાન્ય જ હતી એ તો એ ભૂલી પણ ગઈ. અને પોતાના રૂટિનમાં પોરવાઈ ગઈ. દર પંદર દિવસે એ મા-બાપુને મળવા જતી એ પ્રમાણે વચ્ચે શનિ રવિની રજામાં એ મા-બાપુનેય મળી આવી. જો કે મા એ વખતે થોડી ચિંતામાં હતી. એણે શ્રાવણીને એ વખતે સમજાવી પણ હતી.

‘‘હવે આ મુંબઈનું અને પૈસા કમાવવાનું ભૂત ઊતરી ગયું હોય તો લગ્ન વિશે વિચારીશ?’’

‘‘મેં લગ્નની ના તો નથી પાડી મા!’’

‘‘હા ય ક્યાં પાડી છે?’’

‘‘મા પ્લીઝ! હું અહીં બે દિવસ માટે આવું છું અને તું આ બધું કેમ લઈને બેસી જાય છે? મારી સાથે વાતો કર. મને કહે તું કેમ છે? અને બાપુ?’’

‘‘તું જુએ તો છે. મને કશું ય થવાનું નથી. અને બાપુ ય મઝામાં જ છે. મને કહેતા નથી પણ મને ખબર છે, તારી બહુ ચિંતા છે એમને! એકની એક દીકરી અને એને આવું ગાંડપણ સૂઝ્યું છે. તને છોકરાં થશે એટલે ખબર પડશે કે સંતાનનું દુઃખ એટલે શું?’’

‘‘હે ભગવાન! સારું! મારે છોકરાં થશે એટલે આપણે આ ઈશ્યુ ડિસ્કસ કરીશું. અત્યારે તું મને એમ કહે કે બાપુ એમનું બી.પી. રેગ્યુલર ચેક કરાવે છે કે નહીં? મને તો ફોન પર હા જ પાડે છે.’’

‘‘હા કરાવે છે. પણ આ શિયાળામાં એમનું કદાચ મોતિયાનું ઑપરેશન કરાવવું પડે. હમણાં ગયા અઠવાડિયે જ બતાવ્યું. ડૉક્ટરે કહ્યું છે શિયાળામાં કરાવવું પડશે. ડાબી આંખે ઝાંખું દેખાય છે. એટલે તો કહું છું બેટા હવે અમારી તબિયત આમ જ રહેવાની. તું હવે તારા વિશે કોઈ નિર્ણય લે તો સારું’’

> **લગ્નની ઉંમર તો હતી જ. પણ હવે આ મુંબઈની ફાસ્ટ લાઈફમાં પગ મૂક્યા પછી લગ્ન વિશે વિચારવાનો સમય જ ક્યાં રહે છે? મા-બાપુને મળીને આવ્યા પછી ય માની વાતો એના મગજમાં બે ત્રણ દિવસ માટે ફરતી રહેલી. એ થોડી અપસેટ પણ થઈ ગઈ હતી. મા-બાપુ એની ખૂબ ચિંતા કરતાં હતાં**

મા સાચી જ હતી. લગ્નની ઉંમર તો હતી જ. પણ હવે આ મુંબઈની ફાસ્ટ લાઈફમાં પગ મૂક્યા પછી લગ્ન વિશે વિચારવાનો સમય જ ક્યાં રહે છે? મા-બાપુને મળીને આવ્યા પછી ય માની વાતો એના મગજમાં બે ત્રણ દિવસ માટે ફરતી રહેલી. એ થોડી અપસેટ પણ થઈ ગઈ હતી. મા-બાપુ એની ખૂબ ચિંતા કરતાં હતાં. અને પોતે? આ મુંબઈનું ગાંડપણ ગળે વળગાડીને ફરી રહી હતી. પોતે કદાચ મા-બાપુ પ્રત્યેની જવાબદારીમાંથી ચૂકી રહી છે એવું ય લાગવા માંડેલું. લગ્ન વિશે હવે ગંભીરતાથી વિચારવું જોઈએ એવું એણે મનોમન નક્કી પણ કર્યું અને ત્યાં જ એક દિવસ બપોરે એના ટેબલ પરનો ફોન રણકી ઉઠ્યો.

‘‘મારું નામ જો કહી આપો તો અગિયાર રૂપિયા ઈનામ.’’

ભલા એક વખત મળેલા માણસનો અવાજ શ્રાવણી ક્યાંથી ઓળખે? અને દીપંકર હોય તેવો તો સ્વપ્ને ય ખ્યાલ નહીં.

‘‘સોરી સર, ઓળખાણ નથી પડતી.’’

‘‘તો પછી તમારે મને દાદ દેવી પડે. તમે તો એ દિવસે આપણે મળ્યા ત્યારે તમારું નામ પણ ન હતું કહ્યું કે છતાં ય આટલી મોટી ઑફિસમાં તમારા ટેબલ સુધી મારો ફોન પહોંચી જ ગયો ને! અને હા, હું તમારો ક્લાયન્ટ નથી એટલે આ સર તો કાઢી જ નાંખો.’’

શ્રાવણી એ વખતે બહુ કામમાં હતી. આ લવારાથી એને કંટાળો આવ્યો.

‘‘જુઓ, તમે જે પણ છો પણ મારે અત્યારે ઘણું કામ છે. તમે તમારું નામ કહો અને શું કામ છે તે કહો તો આપણે આગળ વાત કરીએ અધરવાઈજ હું ફોન મૂકી દઉં’’

‘‘તમે છોકરીઓ જ્યાં અક્કલ વાપરવાની વાત આવે ત્યાં હથિયાર હેઠાં કેમ મૂકી દો છો? અરે યાર, એક સાદી ક્વીઝ છે કે હું કોણ છું?’’

‘‘અને એનો સાદો જવાબ એ છે કે મને નથી ખબર તેમ જ તેનો અઘરો જવાબ એ છે કે મને જાણવામાં રસ પણ નથી.’’ સામેનો છેડો એક ક્ષણ માટે ખામોશ થઈ ગયો. પછી.

‘‘ઓ.કે. ડન.’’

અને ફોન મૂકાઈ ગયો. શ્રાવણી પોતાના કામમાં પરોવાઈ ગઈ. પણ મગજના પૃષ્ઠભાગમાં એક પ્રશ્ન આખો ય દિવસ ઝળકતો રહ્યો. ‘‘કોણ હશે એ?’’

ગંભીર ઘેરો છતાં ય સહેજ મજાકની છાંટ ભળેલો અવાજ... કોઈ જાણીતો અવાજ તો નહતો જ પણ તો ય એવું કેમ લાગતું હતું કે સાંભળેલો છે? ક્રોસવર્ડ પઝલ ભરતાં ભરતાં માત્ર એક જ શબ્દને લીધે ગાડી અટકી જાય અને મગજ રઘવાયું થઈ જાય તેવી જ કંઈક હાલત એની થઈ. રોજ એકાદ વાર તો એ અવાજ યાદ આવી જ જતો અને મન બેચેન થઈ જતું. પેલા દિવસે સીધી રીતે વાત ન કરવા માટે એને પસ્તાવો થવા લાગ્યો. એની બેચેનીના જવાબ રૂપે હોય કે ગમે તેમ પણ થોડાં દિવસ પછી ફરી એકવાર બપોરે એ ટહુકી ઉઠ્યો.

‘‘સાચું કહેજો, મારા ફોનની જ રાહ જોતા હતાં ને?’’

સાચું તો હતું જ પણ એમ કંઈ દરેક વાતમાં સાચું બોલવું જ એવો નિયમ તો લીધો નથી.

‘‘નેવર! સહેજ પણ નહીં’’

‘‘જુઓ. મને એક વરદાન છે. સામેવાળાના મનને હું આસાનીથી વાંચી શકું છું અને જૂઠ્ઠાણું તો ફટાક દઈને પકડી પાડું. એની વે પણ એક વાત છે, તમે મારું અભિમાન ઉતારી નાંખ્યું’’

‘‘અભિમાન? શેનું અભિમાન?’’

‘‘હજી સુધી હું તો એવું જ માનતો હતો કે એક વાર મને મળે કદી ય મને ભૂલી જ ન શકે. પણ તમે તો મને સાવ જ ભૂલી ગયા. મને ખબર છે હજી ય તમને મારું નામ યાદ નહીં જ આવ્યું હોય.

એની વે, હું જ કહી દઉં, દીપંકર... દીપંકર પરીખ. યાદ આવ્યું?''

ભૂલી જ ગઈ હતી પણ નામ સાંભળતાની સાથે જ તરત યાદ આવી ગયું સાચું જ કહેતો હતો એ... એકવાર મળે એ ભૂલી ન શકે. કેટલી બધી બક બક કરતો એ... કોઈ પણ વિષય ઉપર વાત કરી શકતો. અને એનો અવાજ પણ એટલો જ સરસ હતો. ઘેરો, મીઠ્ઠો અને સંવેદનશીલ... જાણે સાંભળ્યાં જ કરીએ. એ દિવસે આવેલો એનો ફોન પછી તો વારંવાર આવવા માડ્યો. ઘેરથી અહીં આવી હતી ત્યારે નક્કી કર્યું હતું કે મુંબઈ માત્ર નોકરી કરીને પૈસા કમાવા જ એ જઈ રહી છે એટલે પ્રેમ-બ્રેમનું કોઈ લફરૂ નહીં અને એટલે જ હૃદયની આસપાસ એક કાંટાળી વાડ બનાવી દીધી હતી. પોતે કદી એ વાડ પાર કરતી નહીં અને જે કોઈ પાર કરવા પ્રયત્ન કરે એ તો ઘાયલ જ થાય... પણ દીપંકર તો એનો હાથ પકડીને એને કાંટાળી વાડની બહાર લઈ ચાલ્યો. આમે ય કોઈ પ્રકારના બંધન કે નિષેધો દીપંકરને કદી નડતા નહીં.

મુંબઈ આવી ત્યારે શ્રાવણી પાસે ખાસ કશું હતું નહીં. બહુ નાનકડા શહેરમાંથી એ આવી હતી. નાનપણથી જ મુંબઈ પ્રત્યે એને ઘણું આકર્ષણ, એના શહેરમાં બધાં મુંબઈને સપનાનો દેશ કહેતાં. કોણ જાણે કેમ પણ એણે નક્કી કરેલું કે કૉલેજની એક ડિગ્રી લેવી, પરણી જવું અને બાળકો પેદા કરવા એ ક્રમથી એ કંઈક જુદું વિચારશે. એની કેટલીય સહેલીઓનાં લગ્ન તો એ કૉલેજમાં છેલ્લા વર્ષમાં જ નક્કી થઈ ગયેલાં. એના માટે ય વાતો આવેલી પણ એણે મક્કમતાથી એના બાપુને ના કહી દીધેલી.

''મારા લગ્ન માટે હમણાં વાત જ ના કરશો. મારે કંઈક બીજું જ કરવું છે.''

''બીજું? બીજું શું કરીશ? આગળ ભણીશ? નોકરી કરીશ? એ તો લગ્ન પછી ય થાય.''

''હા, નોકરી જ કરીશ. પણ અહીં નહીં, મુંબઈ જઈને...'' એના બાપુ થોડા ડઘાઈ ગયેલા.

''મુંબઈ? મુંબઈ કેવી રીતે જવાય? અને કેમ? નોકરી તો અહીં પણ મળે. હજી તો હું ય કોઈ દિવસ મુંબઈ ગયો નથી.''

''તે હું જાઉં પછી મને મળવા આવજો. મારે ત્યાં જવું જ છે બાપુ, મને ના ન પાડતા. એ સપનાનું શહેર જોવું છે મારે! હું ત્યાં રહીશ. નોકરી કરીશ. પૈસા કમાઈશ. રોજ સવારે ત્યાંની ભીડમાં ખોવાઈ જઈશ અને રોજ સાંજે એ ભીડમાંથી પોતાની જાતને ખોળીને અલગ પાડીશ.''

''ઘેલી થા મા. આવું ગાંડપણ તે હોય બેટા? અહીંના તો જુવાન છોકરાં ય મુંબઈ એકલા જતાં સો વાર વિચાર કરે. જ્યારે તું તો મારી દીકરી... ત્યાં એકલી...''

''કેમ તમને મારા પર વિશ્વાસ નથી?''

''તારા પર વિશ્વાસ નહીં કરું તો કોના પર કરીશ?''

''તો પછી?''

આખરે બાપુ સમજેલા. અને તેણે બેગ ભરેલી. નાનકડા શહેરમાંથી લીધેલી ડિગ્રી, મહત્ત્વાકાંક્ષાનું આંજણ આંજેલા થોડા સ્વપ્નો અને માતા પિતાનો તેના પર અખૂટ વિશ્વાસ. પોતાની મહેનત અને ખંતથી તે આજે ત્રણ વર્ષમાં અહીં સુધી પહોંચી હતી એમાં વળી આ પ્રેમ કરવાનો તો સમય જ ક્યાં હતો? એ બાજુના દ્વાર તો ચસોચસ ભીડી જ દીધાં હતાં પણ આ તો દીપંકર! ભીડેલા એ દ્વારનું આહવાહન એણે સ્વીકારી લીધેલું અને પછી તો એમને ખોલાવીને જ જંપેલો. ઑફિસે પહોંચી એટલે કામ તો ચાલુ થઈ ગયું. એક પછી એક ક્લાયન્ટના ફોન લેવાના, કોઈ કોઈને ફોન કરવાનાં ય ખરાં,

''યેસ સર!''

''નો સર!''

''માય પ્લેઝર સર!''

વચ્ચે વચ્ચે પાછું ઑફિસનું ય કોઈ ને કોઈ આવી જતું.

''યાર! એફ/૧૯ ની એક ઝેરોક્ષ પડી હોય તો આપને!''

''કે.આર. કન્સલ્ટન્સીમાંથી કાલે સાંજે પછી એપ્રુવલ આવ્યું કે નહીં?''

''અરે યાર મારા ટેબલ પરનું તો પ્રિન્ટર ગયું! તારા પ્રિન્ટર પરથી એક પ્રિન્ટ કાઢી લઉં? હમણાં બોસ બોલાવશે તો ગયો સમજ!''

એમાં ય એકવાર માયા આવીને કહી ગઈ,

''શું વાત છે શ્રાવણી? સમથિંગ રોંગ? દીપંકર સાથે ઝગડો થયો છે?''

તે એકદમ સજાગ થઈ ગઈ. હૃદયમાં ચાલતા મનોમંથનનો ચહેરો ચાડી ખાઈ રહ્યો હતો. વિચારોમાંથી તેને હાંકી કાઢવાનો મરણિયો પ્રયાસ કર્યો. પણ આ તો દીપંકર! સાવ જ નફ્ફટ! હવે તો એ જાણે ટેબલ પર જ આવીને બેઠો... દરેક ફાઈલમાં, દરેક કાગળમાં એનો ચહેરો દેખાવા લાગ્યો. લંચ અવર સુધી તો એ થાકી ગઈ. આજે કેટલા બધા ફોન આવ્યા. મનમાં એક છાને ખૂણે આશા હતી કે એકવાર તો એનો ફોન આવશે પણ એ ફોન ન જ આવ્યો. મોબાઈલનું ઈનબોક્ષ ખોલીને ફરીથી એકવાર એનો સવારનો મેસેજ વાંચી જોયો.

''કેન વી મીટ ટુ ડે?'' એની આંખો જાણે દીપંકરની લાંબી માંસલ આંગળીઓને મોબાઈલના કી બોર્ડ પર ટાઈપ કરતાં જોઈ રહી.

દીપંકરની આંગળીઓ એને બહુ ગમતી. એનો હાથ હાથમાં લઈ એ ક્યાંય સુધી એની આંગળીઓ પસવાર્યા કરતી ક્યારેક ચૂમી પણ લેતી.

''શું કરે છે?'' દીપંકર છેક તેના કાન પાસે હોઠ લાવીને કહેતો.

''પ્રેમ કરું છું.''

''માત્ર આંગળીઓને જ?''

''તો?'' શ્રાવણીનો અવાજ અચાનક જ થોડો બદલાઈ જતો.

''આ હોઠ, આ ગાલ, આ ચહેરો, આ વાળ એમના ભાગે કશું જ નહીં?''

એ પોતાનો હાથ શ્રાવણીના હાથમાંથી ધીમેથી સેરવી લેતો અને તેની આંગળીઓ શ્રાવણીના હોઠ, ગાલ, વાળ અને આખા ય ચહેરા ઉપર ફરવા લાગતી. એની આંગળીઓ અદ્‌ભુત ચેતના જગાવી શકતી. શ્રાવણી ભાન ભૂલી જતી. એનું શરીર જાણે મીઠાનું બનેલું હોય તેમ દીપંકરના બન્ને હાથો વચ્ચે ઓગળવા લાગતું. માંડ માંડ એ પોતાની જાત ઉપર કાબુ રાખતી. દીપંકરને ધક્કો મારીને દૂર કરતી. એ ખડખડાટ હસી પડતો.

''કોણ કહે... કોણ કહે કે તું મુંબઈમાં એકલી રહેતી આ જમાનાની આધુનિક છોકરી છે?''

''મારે કશું કહેવડાવવું ય નથી.''

''બસ ખાલી આંગળીઓને પ્રેમ કર્યા કરવો છે!''

''હા...''

''હે ભગવાન આ ભારતીય નારી... ક્યારેય ના સુધરે. મને ઘણીવાર થાય કે મારો જનમ

**( મુંબઈ આવી ત્યારે શ્રાવણી પાસે ખાસ કશું હતું નહીં. બહુ નાનકડા શહેરમાંથી એ આવી હતી. નાનપણથી જ મુંબઈ પ્રત્યે એને ઘણું આકર્ષણ, એના શહેરમાં બધાં મુંબઈને સપનાનો દેશ કહેતાં. કોણ જાણે કેમ પણ એણે નક્કી કરેલું કે કૉલેજની એક ડિગ્રી લેવી, પરણી જવું અને બાળકો પેદા કરવા એ ક્રમથી એ કંઈક જુદું વિચારશે )**

ભારત સિવાય બીજે ક્યાંક થયો હોત તો કેટલું સારું!”

“કેમ?”

“કેમ શું? બીજે બધે સ્ત્રીઓને માત્ર આંગળીઓ પ્રત્યે પક્ષપાત નથી. એમને તો...”

“બડબડ બંધ કર. તને જો એમ હોય તો હું કહીશ. મારે ઓળખાણ છે ભગવાન સાથે... તને આવતો જન્મ ત્યાં જ ક્યાંક આપશે. પછી પેટ ભરીને એ ગોરી કે કાળી છોકરીઓને પ્રેમ કરજે. બસ.”

“ના, ભાઈ આપણે તો આંગળીઓથી જ ચલાવી લેશું. ભારતીય નારીનો ભરોસો નહીં. બધાં ય વાયદા સાત જન્મનાં... હું કાળી-ગોરીને પ્રેમ કરતો હોઉં અને તું વચ્ચે પ્રગટ થાય તો?” તે શ્રાવણીનો હાથ પોતાના હાથમાં લેતો. અને શ્રાવણી તેનું ગંભીર મોં જોઈ હસી પડતી.

આવી ગાંડી ઘેલી તો કેટલીય ક્ષણો હતી. પોતે સંઘરીને મૂકી રાખી છે. સાચવીને, ગડી કરીને, રોજ એકાદ ગડી ઉકેલીને જોવાની અને પછી એક આગઝરતો નિઃશ્વાસ નાંખીને પાછી મૂકી દેવાની. કેટલીકને તો ફાઈલોની વચ્ચે ય મૂકી રાખી છે. નાના હતાં ત્યારે ગુલાબના ફૂલ ચોપડીના બે પાનાની વચ્ચે સંઘરી રાખતા હતાં ને? તેમ જ. ક્યારેક ખૂબ જ ઉતાવળમાં કોઈ અગત્યની ફાઈલ એ ચેક કરતી હોય અને એ ફાઈલની વચ્ચેથી જડી જાય. અથવા તો ફાઈલના બે પાનાની વચ્ચેથી નીચે સરકી જાય... એ વખતે એ ક્ષણને પાછી સંતાડવી મુશ્કેલ... કંઈ કેટલીય વારે એ કેડો મૂકે અને એનું ય તે ગુલાબના ફૂલ જેવું જ... પાના વચ્ચેથી સરી પડેલું ફૂલ તમે ઉઠાવીને પાછું મૂકો તો ય એની સુગંધ તો હાથમાં રહી જ જવાની.

**ફાઈલના બે પાનાની વચ્ચેથી નીચે સરકી જાય... એ વખતે એ ક્ષણને પાછી સંતાડવી મુશ્કેલ... કંઈ કેટલીય વારે એ કેડો મૂકે અને એનું ય તે ગુલાબના ફૂલ જેવું જ... પાના વચ્ચેથી સરી પડેલું ફૂલ તમે ઉઠાવીને પાછું મૂકો તો ય એની સુગંધ તો હાથમાં રહી જ જવાની**

લંચમાં ય આજે મન ન લાગ્યું. શી ખબર શું ય બનાવ્યું હતું. સોનિયા મૈત્રી, ડાયના બધાંએ ગાળો દેતાં દેતાં ખાધું. તે પોતે ય હું... હા... કરતી રહી. પણ ધ્યાન તો મોબાઈલ તરફ જ હતું. કાશ! રીંગ વાગી જાય! પણ કોઈ રીંગ ન વાગી. ડાયનાએ તો ટકોર પણ કરી. “આજકાલ તારા લંચ અવર કેમ દીપંકરના ફોન વિનાના સૂના હોય છે? સમથીંગ રોંગ?”

“એ ટૂર પર છે. આઉટ ઑફ સ્ટેશન... મસ્ત બી બીઝી...” પ્રેમમાં પડેલી વ્યક્તિના જૂઠાણાંને તે વળી કોઈ પકડી શકતું હશે?

જે કાંઈ દાટ વાળ્યો છે એ બધો ય આ સાહિત્યકારોએ-તેમની વાર્તાઓએ અને તેમની કવિતાઓએ... એ લોકોએ બધાં ય ના મનમાં એવું ઠસાવી દીધું છે કે પ્રેમનું બીજું નામ એટલે ત્યાગ. જાત જાતની વાતો લખે છે આ લોકો!

“પ્રેમ એટલે માત્ર આપવાનું નામ.”

“પ્રેમમાં ક્યારે ય બદલાની અપેક્ષા નથી હોતી.”

“પ્રેમમાં જે મૂંગે મોઢે ત્યાગ કરે છે તે જ મહાન છે.” અને એવું તો કેટલુંય! પ્રેમમાં કરેલા ત્યાગ ઉપર કવિતાઓ પણ ઢગલાબંધ. હવે શું કહેવું આને? પ્રેમના નામે પોતાની સાચી ખોટી વાત મનાવવી કે બીજું કાંઈ? તેને દાઝ ચડી. પ્રેમ કાંઈ એ એકલી કરતી હતી? દીપંકર જે કરતો હતો એ શું હતું? પ્રેમ? કે માત્ર નાટક? અને જો એ નાટક જ હતું તો આજે સવારે એણે મેસેજ કેમ કર્યો? એની ફ્લાઈટ ઉપડવાના માત્ર ૧૪ કલાક પહેલા? કેમ મળવા માંગતો હતો એ? જ્યારે બધું ય પતી ગયું છે, એક સંબંધ સળગી ગયો છે તો ફૂંક મારીને એની રાખ ઉડાડવાનો શો મતલબ હતો? મા સાંભળે જો આ બધું તો ખૂબ ખિજાય. એને તો આ બધી ખબર જ નથી. એ તો બિચારી એ વાતથી જ ખુશ છે કે શ્રાવણી પરણવા રાજી છે અને તેણે છોકરો પસંદ કરી લીધો છે. મા એ એકવાર દીપંકર સાથે ફોન પર વાત પણ કરી હતી. અને એને સંતોષ પણ થયો હતો. હવે જો એને એમ કહીએ કે દીપંકર સાથેનો સંબંધ એ તો ભૂતકાળ બની ગયો અને એ તો ફરી પાછી ઘાંચીના બળદની પેઠે જ્યાં હતી ત્યાં જ આવી ગઈ તો? તો મા શું કરે? બહુ દુઃખી થાય કદાચ ગુસ્સે ય ભરાય અને કહે,

“તમે આજકાલના જુવાનીયા, સંબંધની કોઈ કિંમત જ નહીં. સંબંધ બાંધવામાં ય ઉતાવળ અને તોડવામાં ય ઉતાવળ...” પણ શ્રાવણી જાણે છે એણે આ વખતે સહેજે ય ઉતાવળ કરી નથી. દીપંકરને પૂરતો સમય આપ્યો હતો-વિચારવાનો, ફરીને ફરી વિચારવાનો અને પછી નિર્ણય લેવાનો. ઉતાવળ તો એણે કરી હતી. અને એ ય પાછી આંધળી ઉતાવળ. એ દિવસે એનો ફોન આવ્યો હતો છેક સાંજે ચાર વાગે,

“આજ પાર્ટી છે સ્વીટહાર્ટ!”

“આહા! બહુ મુડમાં છે ને કાંઈ! શેની પાર્ટી? કોણ આપે છે?”

“હું આપી રહ્યો છું, તને...”

“એ તો તું રોજ આપે છે એમાં નવું શું છે?”

“છે... છે... તને મળીશ એટલે કહીશ. એક સરપ્રાઈઝ છે...”

શ્રાવણી જાણે છે દીપંકરના બધાં ય સરપ્રાઈઝ તદ્દન નક્કામાં! આમે ય એ થોડો પાગલ જ છે. નવું શર્ટ પહેરશે તો સરપ્રાઈઝ... નવી રેસ્ટોરન્ટ ખોળી કાઢી હોય તો સરપ્રાઈઝ... શ્રાવણી માટે કોઈ ગિફ્ટ લાવ્યો હોય તો ય સરપ્રાઈઝ! આવું જ કોઈક નવું ગતાકડું કાઢ્યું હશે એમ વિચારી શ્રાવણી તો પાછી કામે વળગી. પણ એને શી ખબર કે એ દિવસની સરપ્રાઈઝ તેના જીવનનો આખો રસ્તો જ બદલી નાંખશે?

“ઓ.કે. નાઉ વોટ ઈઝ ધ સરપ્રાઈઝ?” શ્રાવણીએ ટેબલ પર બેસતાં પૂછ્યું હતું. આ રેસ્ટોરન્ટમાં પહેલાં ય એ બન્ને આવી ગયાં હતાં. મોટે ભાગે કદાચ દીપંકરની વર્ષગાંઠ જ હતી. ખાસ્સી મોંઘી રેસ્ટોરન્ટમાં આની ગણતરી થતી. એટલે શ્રાવણીને ય થયું કે કોઈ દમ વગરનું સરપ્રાઈઝ તો નહીં જ હોય.

દીપંકરે પોતાનું લેપટોપ ખોલીને શ્રાવણી આગળ ધરી દીધું. કોઈ કંપનીમાંથી આવેલો લેટર હતો.

“શું છે આ?”

“તું વાંચ તો ખરી. ખુશીથી ઉછળી પડીશ.”

શ્રાવણીએ વાંચવાનું શરૂ કર્યું જેમ જેમ એ વાંચતી ગઈ તેના ચહેરાના ભાવ બદલાતા ગયા. આખરે તેણે લેપટોપ બંધ કર્યું. શ્રાવણીનો ચહેરો જોઈ દીપંકર થોડો ઓઝપાઈ ગયો. “ગુસ્સે ના થઈશ. મને ખબર છે કે મેં અહીં એપ્લાય કર્યું ત્યારે તને એના વિશે કહ્યું ન હતું આઈ એમ સોરી પણ કહ્યું હોત તો તને આવી ગ્રેટ સરપ્રાઈઝ ક્યાંથી આપત? અને મને ઓછી ખબર હતી કે મને આ જોબ મળી જશે? કેટલાંય લોકોએ એપ્લાય કર્યું હશે... “તેણે શ્રાવણીના બન્ને હાથ પકડી લીધા” ઓહ! શ્રાવણી, આઈ એમ સો હેપી! હું માની જ નથી શકતો કે અમેરિકામાં મને નોકરી મળી ગઈ છે. અને સેલરી પણ તે વાચ્યો ને? નોટ બેડ!” શ્રાવણીએ ધીમેથી દીપંકરનાં હાથમાંથી પોતાના હાથ સેરવી લીધાં.

(ક્રમશઃ)